હવે આપણે કાંઇ કરવું છે?

હજારો વર્ષની ઘોર નિદ્રામાંથી જાગ્યા હાટકેશ્વરે જગાડ્યા ના? ના? શ્રી ગુ ા ગુરૂદેવને ત્યાં મોકલ્યા ના! ના? શ્રી રણછોડરાયના ભક્ત જ્ઞાતિબંધુના રાજને પ્રેરણા કરી જે પ્રેરણાથી તેઓએ દેશ પરદેશ રટણ કરીને જ્ઞાતિબંધુ માં આપણને જાગ્રત કર્યા. જાગ્રત કર્યા એટલુજ નહિ પણ જે જે ગામ અને શહેરોમાં બન્ધુઓની વસ્તિ છે તે પણ તમોને બંધુદ્વારા જણાવ્યુ તે ઉપરાંત જ્ઞાતિબંધુના ગ્રાહક કયા શહેરો અને ગામોમાં જ્ઞાતિ હિત તરફ લાગણી બતાવનાર કયા કયા ગ્રહસ્થો છે નામ જ્ઞાતિબંધુના ગ્રાહક તરીકે નોંધી પ્રગટ કરી આખી જ્ઞાતિની કિંમતી સેવા એ બજાવી છે કે જે સેવા જ્ઞાતિના કોઈ બંધુથી આજ દિન સુધી ઉઠાવી શકાઈ નહોતી એવા શેઠ જીવણલાલ નાથાલાલ વકીલનાએ ઉઠાવી છે કે જેને માટે એને હજારો હા ધન્યવાદ આપવો ઘટે છે. કારણ કે હું જો એ સેવા ઉઠાવવા નીકળું તો મારી ફુરસદ નથી, જો એ સેવા ઉઠાવવા નીકળું તો હુ નિરૂદ્યમી નથી, હું એ સેવા ઉઠાવવા નીકળું તો મારાથી સખ્ત તાપ, ટાઢ ને વરસાદ વેઠી શકાય નથી. તેમ હુ જો એ કામ ઉઠાવવા નીકળું તો પ્રત્યેક ભાગના જ્ઞાતિબંધુઓની બાજ અને તેની જાત માહિતી શી રીતે મેળવવી અને તેમની સાથે કેવી રીતે વાત એમાં તો હુ મુઝાઇ જાઉં, કે જેથી મારે એ સેવા કરવી પડતી મૂકવી પડે. પ્રકારની વેદના ભોગવી શેઠ જીવણલાલે મહદ પ્રયાસ કર્યો છે, એમ મારે વગર પડે છે. ને તેનેજ માટે ધન્યવાદ આપવ ને લખવું પડે છે.

ભાઇ એમાં જીવણલાલે શુ વાઘ માર્યો કે એને ધન્યવાદ ઘટે? ના! ના! શ્રી રણછોડરાયને છે, કે જેણે આપણું હજારો વર્ષનુ દેવુ એક બીજાને આપ ભૂત તરીકે શેઠ જીવણલાલને પ્રેરણા કરી કે જે પ્રેરણાને પરિણામે આપણ ેશ્વરના દર્શન સાતસે જ્ઞાતિબંધુઓને થયા ના? ના? સાતસો જીવાત્માના આ

છપાવી પ્રસિદ્ધ કરનાર અને યોજક,

ડાહ્યાભાઇ નવલરામ શાહ, ખપાટીઆ ચકલા—સુરત.

સુરત મછીકાના પુલપર આવેલા "શંકર" પ્રીન્ટીંગ પ્રેસમાં નારાયણ લક્ષ્મણરાવ નીકમે છાપ્યું.

[illegible] ની [illegible] [illegible] પણ દિવસ [illegible] લાંબા આપણોન

પણ [illegible] તેની [illegible] હવે [illegible] પણ તે [illegible] ભોજન

[illegible]કાયેલાનો દાખલો જ્ઞાતિબંધુમાં [illegible]યો જણાતો નથી. ફક્ત અમુક અમુક,

[illegible]ળો સ્થપાયાં છે એવું દૃષ્ટિગોચર [illegible] છે.

[illegible]ગ્રેસ, કોન્ફરેન્સો, બીજી જ્ઞાતિ [illegible]હો, બીજી જ્ઞાતિઓનારિતરિવાજો કે

અનુકરણ કરવા એકદમ મંડી ગ[illegible] .એ પણ આપણે મોડા જાગ્યા છીએ

[illegible] ઘણા વરસોનો શ્રમ એકદમ ઉ[illegible] લેવાને આપણામાં શક્તિ નથી. ના ! ના

છે પણ આપણે બહુજ વિચાર પૂર્વક [illegible]ં કરવાનાં છે, કારણ કે જે જે જ્ઞાતિ

[illegible]ું અનુકરણ કરણુ છીએ તે તે જ્ઞાતિઓ કરતાં આપણે ઉતરતા નથીજ. કારણ કે

[illegible] જે ઠરાવો પાસ કરેલા છે તે સર્વ સ્થળે અમલમાં મૂકાયલાના દાખલા જણાતા

[illegible]ઉપરથી એટલું કળી શકાય છે કે જો અમલમાં મૂકાયા હોય તો તેનું ક્ષેત્ર બહુજ

કારણ કે તે પરિષદ્‌માં પધારેલા અમુક ગ્રહસ્થોએજ તે માન્ય કરેલા છે; પણ પ્રત્યેક

[illegible]તિઓએ તે તે ઠરાવો માન્ય કરેલા નથી કે જેથી તેનો અમલ સર્વ ઠેકાણે એક

[illegible] શકે આપણે કયા કયા સુધારા કરવા છે તે સર્વે સાહેબોને (બંધુઓને) માલમ

કારણ કે તે સીધી કે આડકતરી રીતે ગોખાઇ ગયલા છે. એટલે આપણે એકેક

[illegible]થ ધરી તેને સર્વ માન્ય બનાવવાને અને સઘળા ભાગના જ્ઞાતિ બંધુઓને રૂચીકર

તેમ કરવા માટે શું શું નડતર છે તેનો સંપૂર્ણપણે વિચાર કરી તેનો અમલ થતો

[illegible]મુક બનીએ તોજ આપણા કાર્યની સફળતા થઇ ગણાય, અને તે કાયદો (ઠરાવ) પણ

[illegible]ય ગણાય.

ડિરેકટરીની જરૂર શા માટે છે?

પ્રથમ જ્ઞાતિબંધુએ પહેલાં પરિષદ કે પહેલાં ડિરેકટરી એ વિષય ચર્ચી સર્વાનુમતે

[illegible] પરિષદ્ ભરવાનો ઠરાવ કર્યો. તે મુજબ પરિષદ પણ વડનગર મુકામે ભરાઇ,

[illegible]નું કામ ખોળંબે પડયું જે બીજી પરિષદ સુધીમાં પણ થઈ શકયું નહિ. હવે

[illegible]ઉઠશે કે ડિરેકટરીની જરૂર શા માટે છે ? તો તેના જવાબમાં હું જણાવીશ કે

આપણી જ્ઞાતિના કેટલા ઘર છે, કેટલી વસ્તી છે, તેમા પુરુષ તથા સ્ત્રીની

[illegible]ત બાળક અને બાળિકાઓની સંખ્યા કેટલી છે. કેટલા ભણેલા છે, કેટલા ભણતા

[illegible]યક કે અભણ છે, કેટલા ધંધો કરનારા કેટલા નોકરી કરનારા, કેટલા ખેતી

[illegible]કરી કરનારા તો વેપારી સરકારી કે ખાનગી, ને વિદ્યા સંપાદન કરેલા તો

[illegible]ગ્રી મેળવેલા વગેરે હકીકત આ ડિરેકટરી ઉપરથી આખા હિંદના જ્ઞાતિ-

[illegible]મ પડે એમ છે. આ ડિરેકટરીની યોજનાને પ્રથમથીજ અગ્રસ્થાન શા માટે

[illegible]નાવ્યું હશે ? તેનું કારણ માત્ર એટલુંજ છે કે આ ડિરેકટરી ઉપરૂથીજ આપણે

[illegible]ધારામાં ફળદાયી નિવડીશું કે કેમ તેની શંકા દૂર થશે તે ઉપરાંત આપણે તેઓને

[illegible]વણી આપીશું તોજ આપણામાં ઘુરઘાલી બેઠેલા દુષ્ટ રિવાજો અને વ્હેમો દૂર કરી

[illegible]ાટે આપણે ડિરેકટરી થયા પછીજ કેળવણી, નઠારા રિવાજો, બાળલગ્ન, બાળવિવાહ,

[illegible]વિક્રય, વિધવાશ્રમ, વિધવાઓને મદદ, મરજાદીઓને મદદ, વિદ્યાર્થીઓને પુસ્તકને

[illegible]ડિંગ હાઉસની જરૂરીઆત વગેરે વિષયો હાથ ધરી શકીશું કે જેને માટે મોટા

[illegible] પણ પડશે.

[illegible] જ્ઞાતિના વિદ્યાર્થી વોલંટીયરોને [illegible]
[illegible] સેવા પોતાના વિદ્યાભ્યાસ ઉપરાંત બજાવી

ડીરેકટરી માટે એક ફંડ પરિષદમાં કરવું કે જેનો હિસાબ પરિષદે ની
છપાવીને ડિરેકટરી સાથે આવતી પરિષદમાં વહેંચે યા જ્ઞાતિબંધુ મારફતે

૩ ડિરેકટરીનું કામ સરળતાથી બની શકે તે માટે પરિષદમાં પધારનાર પ્રત્યે વોલંટીયરોને ઘરના મુખ્ય માણસોનું નામ અને તેમના ઘર બતાવવા અ- સ્થળના જ્ઞાતિગોરની મદદ આપવી કે જેથી વોલંટીયર સરળતાથી પોતાનું કામ કર શકે.

૪ ડિરેકટરીનું કામ કરવા અમુક વર્ષની ઉપરના વિદ્યાર્થી વોલંટીયરોને સોંપવું ને કામ સોંપવા માટે એક ઓનરરી સેક્રેટરીની નિમણૂક કરવી.

૫ ડિરેકટરીનું કામ વિદ્યાર્થી વોલંટીયરો સમર વેકેશન કે વિન્ટર વેકેશન અથવા ક્રિસ્ટમ- સમાં જઈ પૂરૂં કરે એમ ઠરાવવું

૬ ડિરેકટરીના કાર્ય માટે કરેલા ફંડમાંથી વોલંટીયરોને રેલભાડું, ખાધાખર્ચ વગેરે માટે અમુક રકમ સેક્રેટરીએ આપવી કે જેનો હિસાબ કામ પૂરૂં થયે ઓનરરી સેક્રેટરીને પૂરા કરેલાં કામની સાથે પૂરો હિસાબ આપાદે.

આપણો સઘળો આધાર આપણા પગના જોરપર છે.

પરિષદ આપણી છે. પરિષદવો પ્રેસિડેન્ટ આપણો મુરબ્બી છે પરિષદના પ્રેસિડેન્ટને આપણેજ પરિષદમાં ચૂંટી કાઢયો છે તો તેનાજ ઉપર આપણે બેસી રહેવાનું નથી. તેમ આ- પણે પરિષદના સેક્રેટરીની નિમણુંક કરીએ તો તેમણેજ બધું કાર્ય કરવાનું છે; અને આપણે કાંઈજ કરવાનું નથી એમ ધારી બેસી રહેવાનું નથી. દાખલા તરીકે વડનગરના તમામ જ્ઞાતિબંધુઓએ ધનની સાથે તન અને મનની અંતઃકરણથી મદદ આપી હોત તો પરિષદનો હિસાબ તુર્ત એક માસમાંજ જ્ઞાતિબંધુ દ્વારા બહાર પડી શકત. પણ [illegible] પિ સુધી ગઇ પરિષદના હિસાબ માટે જ્ઞાતબંધુને પૂછવામાં આવે છે તે વખત આવતેજ . તેમજ આપણે કેળવણી માટે કંઇ બનતું કરવા તૈયાર હોઇએ તો કોઇએ પોતાનાથી મનનો ફાળો તો કોઇએ પોતાનાથી અપાતો ધનનો અને વખતનો ફાળો અને કોઇ સમયનો ફાળો આપીને પણ પ્રત્યેક કાર્ય નિર્વિઘ્ને પાર ઉતરેલું જોવાને ઉત્સુક બ- કોઈ પણ જ્ઞાતિબંધુ કોઇ પણ જાતની મદદ આપ્યા વિનાનો રહેવા ઇચ્છશે તો શી રીતે ચાલશે ? શું તેઓ કંટાળી જઈ પોતાના કામ છોડી ન દેશે ? શું ગેરઉપયોગ નહિ થશે ? માટે પ્રત્યેકે સ્વકાર્ય ગણી મદદ આપવા તૈયાર રહેવું જ. પરથી એમ ન જાણવું કે વિદ્યાવાને વિદ્યાનો અને ધંધાર્થીએ ધંધાનો લાભ બીજાને ન.

ડિરેકટરીથી ઉતરતાં જ્ઞાતિના તડાં છે.

આ તડાં સાંકડા વિચારથી, કેળવણીને અભાવે કે દોષિત (સમજ્યા વગરની) ફેથ લીધે છે જેનો નાશ સત્વરે થવાની જરૂર છે. એ તડ દૂર કરવા માટે એક બીજાના મમત, ઇર્ષાદિ દુર્ગુણોનો ત્યાગ કરી બીજા સ્થળના જ્ઞાતિ બંધુઓને બતાવી આપવું કે

શું તડાં રેવાં નથી. વળી એ તડાં સાંધવામાં મ
...સરી જઇને, ઉદાર દીલથી સઘળાં સાંધીએ છે ને તે વળી ઐક્ય
વર્તવાથીજ સંધાઇ શકશે. આ તડાં સાંધ્યાં પછી નવેસરથી જ્ઞાતિ
ને તેમાં કોઇ શહેર કે ગામની જ્ઞાતિનો દાખલો લેવો ઘટે તો લે
થી.

...ન લીધેજ આપણામાં સાંકડા વિચારો, ટુંકી નજર, એક ગામ કે શહેરમાંજ ક...રવી, અમુક ગામ કે અમુક શહેરમાં કન્યા ન આપવી, લેવી અમુક ગામ કે શહેરના ...મા...ણી આપણે ઉંચા અને ઉચા આચાર વિચારવાળા છીએ એવા અનેક સાંકડા વિચારો આ...ને લીધેજ 'જ્યાં ઘર છે, ત્યાં વર નથી અને વર છે ત્યાં ઘર નથી એમ થઇ ગયું છે. અને સાટાં ને કન્યા વિક્રય એ પણ એનેજ આભારી છે. મારે આ તકે કહેવું જોઇએ કે સાંકડ વિચારની સાથે સાંકડા મનને લીધે ઉદારતાને વેર બધાયું છે. જેને પરિણામે ગરીબોને શ્રીમંતોએ સંભાળી ન લીધા. તેથીજ ગરીબોની છોકરીઓ વેચાઇ ને તેમાંથી ન્યાતિના કરો પૂરા પડયા. ચાર દહાડાના તેઓ શ્રીમંત બન્યા ! એજ ગરીબાઇને લીધે આપણા છોકરા છૈયાં પણ સાંકડાં વિચારના, ધંધો રોજગારમાં ને ઉદ્યોગહુન્નરમાં અદેખાઇ ખોર હોઇ પોતાના ઉદ્યોગહુન્નર ને વેપાર વણજ બીજાને શીખવી ન શકયા. તેઓ ધારતા હતા કે મારૂં કોઇ લઇ જશે-શીખી જશે-ખાઇ જશે આપણી સાથે ધધામાં સ્પર્ધા કરશે, ઓછે નફે વેપાર કરશે, વેપારમાં કસ રહેશે નહિ એવા નઠારા વિચારો લાવી ગરીબોને ગરીબીમાંજ સડવા દીધા અને પોતાના મનમાં અહંભાવ લાવી એવું વિચારવા લાગ્યા, કે આપણે શું કરીએ જેવા તેમનાં નશીબ ! જો આપણે એઓને ઉંચે ચઢાવીશું તો તેઓ આપણા દબાયલ નહિ રહે અને થયું પણ તેમજ ! સોનો પાળનાર (ઉદ્યોગ-હુન્નરનો જાણનાર) ગયો કે બધું ગામ રંડાયું. એજ રીતે આખી કોમની અને આખા દેશની પણ દુર્દશા આવી.

તડાં એ કાંઇ માણસ નથી, તેમ લાકડું નથી, કે જે ભાગેલું સંધાયજ નહિ, એ તો મ...સેની અધોગતિ લાવનાર મનનો દોર છે. ના ? મમત છે ? ના, ના, એ તો અહંકાર છે ...ના ! ના ! એ તો ઇર્ષા છે, માટે એવી નઠારી બુદ્ધિ ન રાખી સમભાવથી વર્તવું કે તડાં પડે નહિ અને તે સાંધવાની જરૂર પણ જણાય નહિ.

આપણામાં સ્વમાન હોવું જોઇએ.

કહેલું કે કરેલું ખોટું છે ને બીજાનું ખરૂં છે એવો ભાવ ઉત્પન્ન ન થવો જોઇએ. ...આટલું સુધારવાનું છે, એમ હોવું જોઇએ. કેટલીવાર અમુક અમુક જગામાં ...રાવ થાય છે, પણ તે ઠરાવ ઘડવામાં ઉતાવળ થવાની ખામીને લીધે તે ખામી ...તે ઠરાવ એકદમ ખોટો ગણી રદ કરવા તૈયાર થઇએ છીએ. ત્યારે આપણને એમ ...ગતું કે આપણે એ ઠરાવ કરતી વખતે કાંઇ ભાંગ પીને બેઠા નહોતા કે જેથી એ ...દંતર ખોટો હોય. પણ માત્ર એમા કઈ કઇ ખામીઓ છે, તે ન જણાવાને પરિણામે, ...ધારો કરવાની અગત્ય ન જોતાં તેને સમૂળગો રદ કરાય છે. આથી 'ધણા ચોપડા' છે અને આપણી હાંસી થાય છે.

આજ મુજબ આપણા ઘરડાઓની બાંધેલી પ્રણાલિકાને ઉતાવળીઉં પગલું ભરી તેને ...ડીને બેદાન કરીએ છીએ પણ નથી સમજતા તેમનો હેતુ ! તેમને આમ શા માટે

તેમને આમ કરવાની જરૂર શા માટે જણાઇ વગેરે બાબતોને ૫
પૂર્વજોને, વગોવી મૂકી. તે વખતના દેશ—કાળને સમયનો વિચાર
ન સમજી, તેમનું વગર સમજે અપમાન કરીએ છીએ. ધારોકે આ
લગ્ન ખોટાં. પણ ભાઈ જુલ્મી રાજ્યોમાં સ્ત્રી હરણ થતાં હતાં, તે
ની જરૂર પડી હશે! કન્યાવિક્રય કે જેને આપણે હલકો ગણીએ છીએ
ઓની સ્વાર્થી ભાવનાને લીધે પરાપૂર્વથી ચાલ્યો આવતો હશે. જવલ્લેજ કોઇક
શ્રીમંત કરતો હોય તો ભલે! પણ ઘણું ખરૂં ગરીબોમાંજ તે થતાં હોવા જોઇએ કા-
રણ કે મુઆ પછાડી, આણાની પછાડી, લગ્ન પછાડી કરવા પડતા ન્યાતવરા તથા લહાણુંતોજ
આભારી છે, કારણ કે એ જ્ઞાતિ દંડ છે. જો ગરીબો વ્યાજખોરોને ત્યાંથીજ નાણાં કાઢે, તો
અસલી રિવાજ મુજબ સારા દીકરીને પણ તે દેવુ આપવું પડે. માટે પોતાનાં બાળબચ્ચાંઓના
હિતને ખાતર તેઓએ કન્યાવિક્રય કર્યો. માટે ઘરડાઓ પ્રત્યે માનની નજરથી જોઇ તેમનો
દોષ કાઢતાં, તેમને વગોવતાં આપણે અચકાવું જોઇએ. ના! ના! તે વખતનો ઇતિહાસ
આપણે ખાસ અવલોકવો જોઇએ. કે જેથી આપણા બચ્ચાં આપણી અવગણના કરતાં અટકશે
અને પૂજ્યભાવ રાખશે.

રોટી વહેવાર ત્યાં બેટી વહેવાર શાથી?

જે જે ન્યાતોમાં તડો પડી ગયાં છે તે તે ન્યાતોમાં વસ્તી દિનપર દિન ઘટવાને પરિણામે ને પોતાના તડોવાળાં એક બીજાને સારે માઠે મદદ ન કરવાને લીધે, તેમજ એક બીજા તડમાં કન્યાઆપલે ન કરવાને લીધે, બીજા ન્યાતિબંધુઓની સાથે સંબંધ જોડવાની તેઓને ફરજ પડી. પ્રથમ તો તેઓની સાથે જમવા લાગ્યા. ત્યાર બાદ એક બીજાના સ્વભાવ-રહેણીને રીતરિવાજ મળતાં થયાં. ને પછી તેઓને મદદની જરૂર જણાવાથી કન્યા આપલેનો સંબંધ જોડ્યો

જો દેશ પરદેશ સાથે આપણાજ જથામાં (ન્યાતમાં) આપલેનો સંબંધ હોત તો પોતાના ન્યાતિલા મૂકીને બીજી ન્યાતો સાથે સંસર્ગ રાખવાની જરૂર પડત પણ શા માટે? જો આપણે આપણા આજુ બાજુના શહેરોના બધુઓની સાથે સંબધ રાખ્યો હોત તો આપણો સંસાર એકજ કોટીમાં રહી સારી રીતે નિર્ગમન કરી શકત.

હાલતો કેટલેક ઠેકાણે એવુ પણ છે કે ફલાણા ગામકે શહેરમાં આપણી કન્યા દેવી નથી. ને અને સામા તડમાં આપવી પણ નથી તો શું બાળાને માટે લાયક વર ન મળતાં ના લાયકને લાયક ગણી બાળાની જિંદગી ધૂળ કરવી કે પરન્યાતીલા સાથે આપણાજ જથમાં સંબધ જોડવો?

કેટલીકવાર એવી પણ ફરીઆદ ઉઠે છે કે ફલાણા ગામ કે શહેરવાળા કન્યાઓ લ્યે છે પણ આપતા નથી. આવી વખતે કન્યાવાળાએ વરવાળા પાસે વાતચીત થતી વખતે પંચ સમક્ષ પાકું લખત કરાવી લેવું. તે એવી રીતનું કે આ કન્યાને જે કંઈ ફરજંદ તેને આ ગામમાંજ અમો પરણાવવા બંધાઇએ છીએ. આ સરતથી પણ એક બીજા વહેવાર કાયમનો થઇ પડે એમ છે. કે જેથી બીજી ન્યાતોમાં કન્યા આપલે કરવી નહિ

કોઇવાર એવું પણ જોવામાં આવે છે કે કોઇ ગરીબ સારૂં ઘર કે વર મેળવવા પોતાના સમુહ બહાર જાય છે, તો તુરત લોકો ઠોકી બેસાડે છે કે એણે ફલાણી જાત કન્યા લઇ આપવા વિચાર કર્યો; અથવા આટલા રૂા. ખાવા લેવા ધાર્યું, અથવા પો

ઉંચી માથા [illegible] ઘર પકડયું. એમ ઠેરવી તે બિચારા ... મરી
... મે છે. પણ ... નથી જોતા સત્યતા ! નથી જોતાં તેની ટેક ! તેની
! તેનું ઉધોગીપણું ! તેની કરકસર ! તેની સાહસિકતા ! ... પ્રસંગ
તેભાઇઓની ઓથ ન મેળવાને પરિણામે તે બાપડાએ પોતાનું ...
. ને પોતાના ફરજંદોની સ્થિતિ સુધારવા કાજે સમુહ બહાર કર્મો ન
શું પોતાના ફરજંદોને સારે ઉધોગ ધંધે કે ચાકરીએ ન લગાડે ! અને ...
... ડું પણ શું ?

માટે જો આપણે આપણો સમુહ પહોળો કરવા ઉદાર દીલ બતાવ્યું હોત તો રોટી વહેવાર ત્યાં બેટી વહેવાર થતો ન જોઈ શકત.

પૂજ્યો તરફની પૂજ્ય ભાવના કોણે ઓછી કરી ?

જમાનાએ ? ના ! ના ! તેણે નહિ પણ તમેજ કરી ! પ્રથમ તો આપણે શંકાશીલ કેળવણી પ્રાપ્ત કરી આપણા ધર્મ પુસ્તકો પ્રત્યે, આપણા વડીલો પ્રત્યે શંકાની નજરે જોવા લાગ્યા. તેમાં ઢાલની એક બાજુ જે જડબુદ્ધિ તેને પકડીને દુષ્ટ ભાવનાથી જોયું. તેમાં તેને તે ભાવના.જ પ્રબળ થતી જણાઇ. તે એટલે સુધી વધી કે બન્ને પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન થયો. જેને પરિણામે ધર્મ પુસ્તકોના લેખો અને વડીલોના વચનો અણગમતા ને કપોળ કલ્પિત જેવાં લાગ્યા. તે એટલે સુધી વધી પડયાં કે એમાં તો બધુંજ ખોટારૂં ભરેલું છે, ને ઘરડાંઓ તો અંધશ્રદ્ધાથી તે તરફ જોતા આવ્યા છે. આ બન્ને ભાવનાએ એટલું બધું અમલમાં મૂક્યું કે છડેચોક તેનો તિરસ્કાર જોઈ તેની પ્રજા પણ તેમ કરવા લાગી જેથી નાસ્તિકતા આવી ને ઘણાકો સ્વચ્છંદીપણે વર્તતા થયા. અહંભાવ આવવા લાગ્યો, વાક્ચાતુરી વધી વિદ્યાનું અભિમાન આવ્યુ, પૈસાનો અહંકાર આવ્યો, ગરીબોને કનડગત કરતા શીખ્યા ને ગરીબોને તુચ્છ ગણતા થયા. માટે જો માબાપે પ્રથમથીજ ધાર્મિક શિક્ષણ ... તે પણ અનુભવી ધાર્મિક શિક્ષણ આપ્યું હોત ને તેનોજ શોખ બચપણથી બચ્ચાને લગાડયો હોત તો તેના મૂળ એટલાં ઉંડા પેસતે કે જે મૂળ કોઈ કાળે ઉખડી શકત નહિ. "ઉઠયા ત્યાંથી દહાડો ગણો" એ કહેવત મુજબ બચ્ચાંને પેટભરા જ્ઞાન પહેલાં ધાર્મિક જ્ઞાન આપો ને તમે પણ ધાર્મિક બની અનુકરણીય થાઓ. કે જેથી ઢાલની બે બાજુ જણાશે, સમતોલપણું સચવાશે કે જેથી એક બાજુ ઢળી પડાશે નહિ ને ખરાબતી થશે નહિ. પણ ઘરડાઓએ બાંધેલા રીત રિવાજો, તે સમયનું જ્ઞાન, તે સમયનુ બધારણ, તે સમયની જાહોજલાલી, તે સમયની કીર્તિ, તે સમયનો સંપ, તે સમયની કાર્યકુશળતા ને તે સમયનું આયુષ્ય એ બધાનું દીગદર્શન આપ થશે અને પૂજ્યો તરફનો પૂજ્યભાવને ધર્મ પુસ્તક પ્રત્યેનો પ્રેમ અધિક વધશે.

હવેનો વખત કરી બતાવવાનો છે.

ઘણા માસિકો. નોવેલો, ન્યુસપેપરો, ચોપાનીયાં વગેરે થયાં. ઘણાં ઘણાં ભાષણો થઈ ... , ઘણાં વાંચ્યાં, ઘણું સમજ્યા ! હવે સમજાવવાનું કોને છે ? ભાવી પ્રજાને ! ... હવેની ... ને તેનુ હિત સાધતા શિખવવું હોય તો પ્રથમ તેને એક બીજા ગામ કે શહેરના તેનીજ ... ના ને તેના જેટલુંજ ભણેલા છોકરા સાથે સ્પર્ધા કરાવો. સ્પર્ધા (સારા અક્ષર, સારા ... ના અક્ષર, સંગીત, ગણિત, અંગકસરત. બિસ નિયમો વગેરે) માં ... તેને ઇનામો ... કે જેથી તેઓ વધારે ઉત્સાહી થઇ ભણવાપર પ્રીતિ રાખશે, ને સારા [illegible]

... પન્ન કરશે. હવે આમાં એ સવાલ ઉભો થશે કે એ બધી ખટપટ ... કે શહેર પોતેજ કરશે. બન્ધુઓ! એ બધું જ્ઞાતિ શુભેચ્છકોજ કરશે. ... કોઈપણ બાબતમાં પાછી પાની કરશે તો તેમાં દોષ કોનો ? વિધાતાનો કોનો ?

આ ઇનામના નાણાં કયાંથી લાવવા ?

આ સવાલ દરેકે બંધુ કરશે પણ તેઓએ સમજવું જોઇએ કે "સાત પાંચ લાકડીનો બોજ" એ કહેવત મુજબ દરેક પોતાના ઘરમાં પ્રત્યેકની સાલગીરી પ્રસંગે માત્ર આનો કાઢી ઇનામ ફંડમાં આપશે તો વસ્તીના પ્રમાણમાં થતી વાર્ષિક આવક બાળકનો આપવાનો ઇનામથી વધુ થશે. બે માણસ બરાબર એક છોકરો એ હિસાબે ત્રણ આના પ્રત્યેક ૨ દીઠ ઓછામાં ઓછા આવશે; અને સ્પર્ધામાં પાસ થનારની સંખ્યા સેંકડે અમુક ટકાનીજ થશે. મતલબ કે આ મુજબ દર વરસે ઇનામ ફંડમાં વધારો રહેશે.

બોર્ડિંગ હાઉસો હાલ બની શકે એમ છે ?

બોર્ડિંગહાઉસો માટે હાલ બની શકે એમ તો છે; પણ તે પ્રત્યેક ઠેકાણે બાંધવાને જમીન ને છો ઇંટમાં પૈસા નાંખવાને ફંડ નથી. પણ જો જ્ઞાતિબંધુઓ મોટા શહેરમાં કે જ્યાં ઉંચા પ્રકારની કેળવણીની શાળાઓ છે ત્યા ઘણું કરીને જ્ઞાતિની વાડીઓ મળી શકે એમ છે. અને તે વાડીનો બોર્ડિંગહાઉસ તરીકે ઉપયોગ થઇ શકે એમ પણ છે, પણ હાલના જમાનાની જોઇતી સગવડ, જોઇતા રૂમ, જોઇતા ટેબલો, જોઇતી ખુરસીઓ, જોઇતા કોચો, જોઇતા લેમ્પો, એમ છુટી છુટી સગવડ થઈ શકે એમ નથી, પણ જો સાહાઇથી એકજ સ્થળે એક બીજાની સોબતમાં રહી એકજ સુપરવાઇઝરની દેખરેખ નીચે સાથે રહી બાળકો ભણવા ઇચ્છતા હશે તે હાલ બની શકે એમ છે. માત્ર રૂ. સાતનોજ ખર્ચ પ્રત્યેક છોકરા દીઠ તેના વાલીને આપવો પડશે અને એ રીતે ઘણા શહેરોમાં બોર્ડિંગહાઉસો નીકળી શકશે. વખતે જ્ઞાતિની વાડીમાં ઉપલો માળ નહિં હોય, તો તે માત્ર ઉઠાવવો પડશે, ને તેથી તેજ ગામ કે શહેરની જ્ઞાતિની મિલ્કતમાં વધારો થશે.

બોર્ડિંગ હાઉસનું વધઘટ ફંડ શી રીતે ઉભું કરવું ?

જ્ઞાતિના કોઇપણ ગૃહસ્થને ત્યાં અપરણી હોય તો છોકરાવાળાએ વરો ન કરતાં વરાના ખર્ચનો અર્ધો ભાગ આ ફંડમાં આપવો. અને આ રકમ આપેથીજ ગોર ખોળો ભરાવે, આવો ઠરાવ પરિષદે કરવો ને તેનો અમલ પ્રત્યેક ગામ ને શહેર પાસે કરાવવો. આથી વરવાળાના અર્ધા રૂ. બચશે કે જેની બરોબરી છોકરીવાળાનું મોસાળું થશે એટલે બંને પાર્ટીને સરખોજ ખર્ચ થશે. જ્ઞાતિભાઇઓને માત્ર એક રાત્રીના ભોજનનોજ આથી ખર્ચ કરવો પડશે

હવે વિદ્યાર્થીની ફીની શું ગોઠવણ કરવી ?

જ્ઞાતિના કોઇપણ બંધુને ત્યાં લગન હોય ત્યારે તેઓએ કરકસરથી કામ લઇ પ્રત્યે છોકરાવાળાએ રૂ. ... અને છોકરીવાળાએ રૂ. પાંચ આપવા. એટલે દરેક ચોરી દીઠ રૂ ... જ્ઞાતિગોર લગ્નનું કાર્ય કરાવે ને એ રૂ માંથી એજ ગામના છોકરાઓની ફી ભરે. ... પ્રાથમિક આધ્યાત્મિક શાળામાંજ પૂરતી થઈ પડશે. અને તે જ્ઞાતિના શ્રીમંત કે ગરીબ પ્રત્યેક વિદ્યાર્થિ લેવી પડશે. પછી શ્રીમંતો યા ગરીબો પોતાની મરજી મુજબ તે ફંડમા મદદ કરવા ચાહશે તો કરી શકશે.

વિદ્યાર્થીઓના પુસ્તકો માટે શું કરવું ?

, બોર્ડિંગહાઉસ સંબંધી યોજના જણાવી. પણ બાળકો એકના પુસ્તક કામ પડી બીજા છોકરાને ચાલતી નથી. પ્રતિવર્ષ કેળવણીખાતું કંઈ ને કંઈ ફેરફાર કરે છે. જેથી બાળકોને નવીન પુસ્તકો ખરીદવા પડે છે. જે તેના વાલીને હાલના સમયમાં ભાર રૂપ થઇ પડે છે. માટે પુસ્તકો ગરીબને તવંગરના બાળકોને આ ફંડમાંથી મળવા જોઇએ અને તેને માટે જો આપણે ધારીએ તો નાતનો ખર્ચ બંધ કરી પ્રત્યેક માણસ ને ખર્ચનો અર્ધો ભાગ ખુશીથી આપવા, તો વિદ્યાર્થીઓનું પુસ્તક ફંડ સારી રીતે ચાલી શકે. અને ન્યાતી જમાડનારને અર્ધા ખર્ચનો ઉગારો થાય. જેમાંથી તે બાંધીઆ અને બ્રહ્મભોજન બને કરાવી શકે અને બાળકોના પુસ્તક ફંડમાં મદદ આપી મરનાર પ્રાણીને તૃપ્ત કરી શકે.

[આ યોજનાનો અમલ ખુલ્લાં દીલથી કરવા ધારશો તો પ્રત્યેક ગામ કે શહેર બન્ને સખ્ત મોંઘવારી છતાં કરી શકશે. કારણ કે એ યોજના "ત્રેવડ ત્રીજો ભાઈ છે" એ કહેવત મુજબની કરકસરવાળી છે પણ ઇર્ષાને લીધે કે બખિલાઇને લીધે કોઈ પણ સંસ્થા ન ચલાવવી હોય તો મોટા મોટા હિસાબ બતાવી માંડી વાળવાની યુક્તિ બતાવવી એ સહેલી છે. આ ફંડો તો માત્ર પેટ ભરા ફંડ સીધી કે આડકતરી રીતે છે પણ હજુ પારમાર્થિક ફંડનું નામ આપણે સાંભળ્યું નથી. જો તે સાંભળીએ તો પારમાર્થિક ફંડો કેટલાં કેટલાં ને કેવી કેવી જાતના હોવાં જોઇએ તે સાંભળતાં આપણાં તો હાંજાજ નરમ થઇ જાય. માટે જો આટલું પણ થશે તો અત્યુત્તમ કાર્ય કરેલું ગણાશે.]

હવે કન્યાઓ માટે કરવુ શું ?

સ્વાભાવિક રીતે મરદ કરતાં બૈરાંનો ખર્ચ વધારે હોય છે તેજ મુજબ કન્યાઓ માટે પણ છે. કન્યાઓ માટે બોર્ડિંગ હાઉસ બની શકે નહિ. તેમ ત્યાં રાખી શકાય પણ નહિ; માટે એ બોર્ડિંગ હાઉસનો વિચાર આપણે કરવાનો નથી. માત્ર કન્યાઓને સીવણ, ભરત અને ગુંથણકામના સાહિત્યો મળે એટલુંજ આપણાથી બની શકે એમ છે. માટે એની યોજના એ કરવી કે યુનીવર્સિટિની (કોલેજમાં દાખલ થવાની પરીક્ષાથી તે કોઇ પણ સખ્સ કોઇ પણ રોજગારે લાગે ત્યાં સુધીની) જે જે પરીક્ષામાં તેઓ પાસ થાય તે તે પરીક્ષા દીઠ ખુશખુશીની દાખલ બાલિકાઓ માટેના ફંડમાં ઓછામાં ઓછા રૂ. ૫'ચ આપે.

ગુણીયલ વિધવાશ્રમ માટે શું કરવું ?

હાલના સમયમાં વિધવાશ્રમની ખાયસ પ્રત્યેક ઠેકાણે જણાવા લાગી છે. પણ તે ખાયસ જણાવા લાગવાનું કારણ આ સેવક કાંઇ સમજી શકતો નથી. શું વિધવાઓને ખોરાકનું સાધન નથી? શું વિધવાઓ સ્વચ્છંદીપણે વર્તે છે? શું વિધવાઓ પોતાનો કાળ ઇશ્વર ભજનમાં ગાળી શકતી નથી? શું વિધવાઓ આખો દહાડો કુથલીઓમાં ગાળે છે? શું વિધવાઓમાં અત્યાચાર વધી પડયો છે? ગમે તે કારણ હોય, ગમે તે કારણને લીધે વિધવાશ્રમની અગત્ય હોય, પણ આ સેવક ગુણીયલ વિધવાશ્રમની ઇચ્છા રાખે છે. જે વિધવાશ્રમમાં એક જ કોટીની વિધવાઓ દાખલ થઇ શકે. એટલે એકજ જ્ઞાતની ને એકજ આધારની અનુ- વિધવાઓ દાખલ થઇ શકે. આવા વિધવાશ્રમો પ્રત્યેક ગામ કે શહેર દીઠ નીકળવા જોઇએ. આપણી જ્ઞાતિના પલ્લાંથી વિધવાશ્રમમાં રહી પ્રત્યેક વિધવાઓ પોતાનો નિભાવ

રી રીતે કરી શકશે. માટે જો જ્ઞાતિની વિધવાઓ અહંભાવ તજી દઇ પો તે નાની કે મોટી છે, ગરીબને ત્યાં વરી છે કે શ્રીમંતને ત્યાં વરી છે, આવડતવાળી છે કે આવડત વગરની છે, કટુ વચન વાપરનારી ળી છે, યાદશક્તિવાળી છે કે ભુલકણી છે વગેરે કોઇ પણ દોષ સામું આંડીપેલી પણ એનજ છે, એમ સમજી કામ લેવા તૈયાર થાય તો કજ ઘરમાં રહી એક બીજાના જ્ઞાનનો અનુભવ લઇ એકને સુખે સુખી ને દુઃખી બનવા તેઓ તૈયાર થાય; તો સુધરેલા આશ્રમોને હઠાવે એવા થોડા ખ આશ્રમો નીકળી શકે એમ છે. દરેક વિધવાએ સમજવું જોઇએ કે ઇશ્વરપરાયણ સંસારથી વિમુખ રહેવા આ ઉત્તમમાં ઉત્તમ ગુણીયલ વિધવાશ્રમ છે ને તે મારૂંજ છે, આ આશ્રમમાં રહી ઇશ્વર ભજનમાં લીન થઇશું તો જીવનમુકત થઇ શકીશું. આ સેવક વિધવાઓને વિધવાશ્રમમાં રહી કોઇ પણ જાતનો ઉધમ કરવાની ના પાડતો નથી, પણ પ્રત્યેક કામની સાથે ઇશ્વરનું નામ જોડવા અને સગાંસ્નેહિઓની કુથલીમાંથી મુકત કરવા ઇચ્છે છે.

વિધવાશ્રમ શી રીતે નિભાવી શકાય ?

આ સવાલ અતિ અગત્યનો છે. પણ પ્રત્યેક ગામના બંધુઓ પુખ્ત વિચાર કરશે તો તેમને જણાશે કે વિધવાઓનો પૈસો (સ્ત્રી ધન) વિધવાશ્રમનેજ ઉપયોગી થવો જોઇએ. કારણ કે તે તેમની માલકીનો છે માટે જો ઉદાર દીલથી પોતાની પાછળ એ આશ્રમને એ મિલકત આપી દે, તો તેમાં તેમના પિત્રાઇ ગોત્રાઈ તરફથી વાંધો લેવામાં નજ આવે અને ઉદાર દીલ દેખાડવામાં આવે તો આ આશ્રમ એક નમુનેદાર આશ્રમ થઇ પડે એમાં કશો શક નથી. માટે દરેક વિધવાએ આ આશ્રમને નિભાવવા માટે પોતાનું પલ્લું આ આશ્રમનેજ આપી દેવું જોઇએ. વિધવા આશ્રમ કાઢતી વખતે બંધુઓએ વિચાર કરવો જોઇએ કે જે અપુત્રવાન વિધવા હોય તેણે આ આશ્રમનો લાભ વગર આચકે લેવો. જો છોકરાવાળી વિધવા પોતાના બાળકને બોર્ડિંગ હાઉસમાં રાખવા ઇચ્છતી હશે, તો તેનાથી પણ આ આશ્રમનો લાભ ખુશીથી લઇ શકાશે.

(આ યોજના મુજબ કોઇ એન્લવાયો જ્ઞાતિબંધુ પોતાનું વસિયતનામું બોર્ડિંગ હાઉસને માટે કરવા ઇચ્છતો હશે અને તેના પિત્રાઇ ગોત્રાઇ તરફથી વાંધો લેવામાં નહિ આવે તો તેણે પણ બોર્ડિંગ હાઉસને ઉમદામાં ઉમદા મદદ કરેલી ગણાશે.)

કાયમી જનરલ ફંડનીજ જરૂર શા માટે છે ?

આ ફંડની જરૂર એટલા માટે છે કે કોઇ પણ સ્થળના ફંડથી તેનો પોતાનો નિભાવ ન થઇ શકે એમ હોય તો તેને ટકાવી રાખવા માટે આ કાયમી ફંડમાંથી નાણું આ જનરલ ફંડનો ઉપયોગ બધા સ્થળના રહીશો જરૂર પડે કરી શકે એ હેતુથી કરવામાં આવ્યું છે. માટે પ્રત્યેક સ્થળના કરતા કારવતાઓએ પોતાની પાસે બિલકુલ સિલક ન હોય ત્યારેજ મદદની માગણી કરવી.

કાયમી જનરલ ફંડ શી સરતે ખોલવું ?

આ ફંડમાં રકમ ભરનારા જ્ઞાતિ બંધુઓએ જે રકમ ભરી છે, તે રકમનું માત્ર અમુક ટકા લેખે પ્રતિ વર્ષે અગાઉથી આપવાની જરૂર છે. જે વ્યાજમાંથી મદદો કોઇ પણ સ્થળના કોઈ પણ ફંડમાં થઇ શકે. આમાં એક સવાલ એ ઉભો

ની રકમ સત્વરે [illegible] થઇ તે રકમ બીજે ઠેકાણે ક્યાં ન મૂકવી ?
ની સ્થિતિ સારી છે ને કાલે બગડશે તો શું કરવું ? એ પણ સવાલ
જવાબ એટલોજ કે પ્રત્યેક જ્ઞાતિ બન્ધુને ઘેર એ અનામત ફંડ પડે
ઇ જાય (વ્યાજ ન મળે) તો તે ખાનાર જ્ઞાતિબંધુજ છે. અન્ય કોઇ
માટે આપણે કોર્ટમાં દાદ માગવી પડે. જ્ઞાતિબંધુઓ આપણા શાહુકા
તેની પાસેથી વ્યાજજ મેળવવાની ઇચ્છા રાખીશું; તો તે સારી જેવી રકમ
ા શકશે. પણ જો ભરેલી રકમ તુરતજ વસુલ લેવા વિચાર આદરીશું, તો તેના
... . ગાયળી સામું જશે. મતલબ કે ભરનાર સખ્સ એમ ધારે છે કે દર વરસે હું અમુક રકમ જુદી મુકીશ. તો જનરલ ફંડમાં ભરેલી રકમ કકડે કકડે એકઠી થઇ જશે. આજ હેતુથી જનરલ ફંડમાં નાણાં ભરનારની પાસે તે મૂડી રાખી મૂકવાનો ઇરાદો આ સેવક રાખે છે. કદાચને એ મૂડીમાંથી વ્યાજ ન ઉપજે તો બીજા એ મૂડીમાં ભરનારા પ્રતિ વર્ષે તૈયાર થશેજ. કે જેથી આપણી ખોટ પૂરાઈ જશે. આપણે માત્ર કુવાનાં પાણીની (વ્યાજની વાર્ષિક આવકની) જરૂર છે. કે જે જરૂરીયાત વ્યાજ અગાઉ લેવાથી પૂરી પડયા કરે. તો કોઈપણ વાર ટાંકાના પાણીની (મુડીની) જરૂર રહેશે નહિ. વળી આપણે એટલો પણ વિચાર કરવો જોઇએ કે આપણે કોઇ પણ ઠેકાણે નાણાં રોકયા, પણ તે નાણાં રાખનાર ધણી આપણને મૂડી ને વ્યાજ બન્ને ન આપે; તો આપણે સામા રૂપીઆ કાઢી પગલાં ભરવાં પડે. પણ આમાં ઉદાર દીલથી એમ મન વાળીએ કે એ ખાનાર આપણો બન્ધુજ છે. એ રૂપીઆ નહિ આપે તો એનો છોકરો પણ મોટી ઉંમરે આપશેજ.

મારો ઉદ્દેશ જ્ઞાતિની તમામ મિલ્કત જ્ઞાતિમાંજ વહેંચાઇ જવી જોઇએ. કે જેથી જ્ઞાતિબંધુઓને તેના વેપાર રોજગારમાં વધુ નફો મેળવવાને, વધુ વેપાર લંબાવવાની તક મળે. આની સાથે મારે એટલું પણ જણાવવું જોઇએ કે જનરલ ફંડના વ્યાજની ઉપજમાંથી બચત ફંડ રહે, તો જ્ઞાતિભાઇઓને હલકી હલકી રકમો આપી નાની નાની દુકાનો પણ ઉઘડાવી શકાશે.

મોટાં શહેરોમાં જ્ઞાતિભાઇઓ પાસે દુકાનો ઉઘડાવી તેમની સ્થિતિ નહિ સુધરાવી શકાય કે ?

ભાઇઓ સ્થિતિ સુધારવાનું કામ મનપર લઇએ તો તે બની શકે એવું છે. પણ પ્રથમ આપણે ઉત્તેજન આપવાને ખડે પગે તૈયાર રહેવું જોઇએ. જેથી મુંબઈ જેવાં મથકમાં જુદી જુદી ચીજોની ઓછામાં ઓછી પચીસ દુકાન કઢાવી શકાય એમ છે. પણ જો પચીસ ઓની સ્થિતિ સુધારવા ધારીએ ને તેને યોગ્ય રકમ ધીરીએ અને દરરોજનો વકરો જમા મે, તો ખેલાડી વેપારીઓ પોતાની કુનેહથી પચીસ દુકાનદારને બે ત્રણ વર્ષમાં સારી તેવાળા બનાવી શકે. પણ આપણામાં કહેવત છે કે "ગરીબને ગમ નહિ ને પૈસાદારને ૧ નહિં" એ મુજબ પૈસાદારો જાણે પૈસો સાચવવાનેજ સરજેલાં હોય, તેમ પોતાની ૪ જોય' કરે અને પરસ્પર ધીરધાર ન કરે, તો ગરીબો સમજે કે પૈસાદારને અક્કલ નથી ખોટું પણ શુ ? અને ગરીબને ગમ નહિ એમ પણ કેમ કહી શકાય ? એટલે બધા ા ગમ વગરના નથી પણ વગર પૈસે ગમ વગરના થઇ પડયા છે. કારણ કે આપણી આગળ રંકના રાય થયાના હજારો દાખલા મોજુદ છે.

ચે. ઉત્તેજન આપતી વખતે આપણે ઉદાર દીલ વાપરવું જોઇએ. કદાચને ...
...રતાં બે પૈસા વધારે લે તેથી શું? કેટલીક વખત એવું પણ જોવામાં
આપનારની કદરબુજીને તે (વેપારી) ફક્ત અર્ધો આનો ખાઇને માલ
...જન આપનાર એમ ધારે છે કે આ બાઇ જ્ઞાતિબંધુનેજ છેતરીને
...ણુ જાણતા નથી કે "વ્યાપારે વસતિ લક્ષ્મી" એ સુત્ર પ્રમાણે એનું ન...
હોવાથી પાંચ પૈસા મેળવવાને શક્તિમાન થયો છે.

અદેખાઇને લીધેજ આપણી અધોગતી આવી છે.

"પૈસાદારના દુશ્મન ગરીબ ને ગરીબના દુશ્મન પૈસાદાર" એ કહેવતને લઇને આપ... એક બીજા તરફ દુર્લક્ષ રાખ્યું. જેને લીધે બન્ને વિકારી બન્યા. મારો ધંધો શીખી જશે, મારે ત્યાં ચોરી કરશે, મારાથી તેને કંઇ કહી શકાશે નહિ, કારણ કે જ્ઞાતિમાં મારી આબરૂ લેશે, વાર તહેવારે લગ્ન પ્રસંગે વગર રજાએ રહી પડશે. ને મારાથી કહેવાશે નહિ, મારે ત્યાં નોકરી કરશે તો મારાથી એની છોકરી લેવાશે નહિ, મારો ધંધો શીખી મારી સામે પડી મને નુકસાન કરશે, રે! રે! મારા ગ્રાહક લઇ જશે, માલ ઓછેવત્તે ફુંકશે કે જેથી વેપારમાં કસ રહેશે નહિ. એવા એવા અનેક તર્ક લાવીને ગરીબો તરફ શ્રીમંતોએ દુર્લક્ષ રાખ્યું. જેને પરિણામે ગરીબો એમ માનવા લાગ્યા કે "પૈસાદાર પૈસાથી મોટા તો અમો ગરીબ અમારા મનથી મોટા" એ સમજી તેઓએ પોતાનું જીવન પરન્યાતીલાને ત્યાં જુજ પગારથી નોકરી કરવામાં ગાળ્યું. જેને લીધે નઠારા રિવાજોની (કન્યાવિક્રય સાટાંની) શરૂઆત થઇ. જો કે એ શરૂઆતનાં મૂળ તો એટલાં ઉંડાં પેસી ગયાં છે કે અદેખાઇ તજ્યા વગર અને એકબીજાને સહાયતા આપ્યા વગર તે અમુક કાળ સુધી નીકળી શકે એમ નથી.

છેવટ.

આ લખાણ મારી બુદ્ધિ અનુસારનું છે. તેને અનુમોદન આપવું કે નહિ તે વાચક વર્ગને સોંપું છું. આ લેખક આ પ્રમાણેજ અમલ કરવા કે કરાવવા ઇચ્છતો નથી. પણ કેવી રીતે અમલ કરવો એ વાચક વર્ગની ખુશીપર છોડે છે. કેવી કેવી જાતની મુસ્કેલી આપણા આગળ ખડી છે ને તે મુસ્કેલી શી રીતે દૂર થઇ શકે તેજ માત્ર જણાવે છે. આ લેખક ખાવા જમવાનું બંધ કરવા કહેતો નથી, પણ સ્થિતિ સુધરે લગનની ન્યાત, શાલગીરીની ન્યાત, ગુરૂમહોત્સવ વગેરે કરવા સૂચવે છે. આ લેખક ભાર મૂકીને કહે છે કે પોતાની સ્થિતિ સુધારવા યત્ન કરવાથી આપણે તુંબડે આપણાથી તરી શકાશે ને ખુટતું વધતું બીજા પાસે (જનરલ ફંડ દ્વારા) મેળવી શકાશે. લેખક કોઇ પણ જાતના ઠરાવો થાય તેમાં નારાજ નથી, પણ તે અમલમાં મૂકાયલા રાજી છે ને તેનેજ માટે પ્રતિ વર્ષે પરિષદ નહિં બોલાવવા ને અમુક વર્ષને આંતરે બો... આગ્રહ કરે છે. કે જેથી હજારો રૂપીઆના કરેલા ખર્ચનું સાર્થક જોવા ઉમદા તક... આપણી સંસ્થાઓ કેવી રીતે ચાલે છે ને તેને કયા કયા પ્રકારની મદદની જરૂર છે આપણાથી જાણી શકાશે. ધારોકે પ્રતિ વર્ષે આપણે પરિષદ મેળવીએ તો તે ગામ કે અમુક ફંડોને મદદ કરવા ઉપરાંત વધુ ફાળો આપવાની તેઓને જરૂર પડશે. જેને સ્થાનિક ફંડમાં તેનો હાથ ખેંચાશે. માટે પ્રતિ વર્ષે પરિષદ ન બોલાવવામાં આવે ... સેવક રાજી છે. જો પરિષદ મંડળને દર વર્ષે પરિષદ બોલાવવાનું યોગ્ય લાગે તો ...

કાંઇ હરકત નથી. પણ સેવકનો ઉદ્દેશ ફળ જોવડાવવાનો છે જેથી

વર્ષમાં ચોત્રીસ લાખ રૂપીઆ કોંગ્રેસે ઉડાવ્યા છે. પણ એ ખર્ચ
. માટે આપણે લાગતું વળગતું નથી. જો એટલી રકમ કારીગર
ામાં ખર્ચાઇ હોત તો મોટા મોટા કારખાનાંને ઉત્તેજન આપી શકાત.
. પશ્ચિમ તરફના મુલકોમાં હુન્નર ઉદ્યોગ શીખવા જવા માટે વિદ્યાર્થીઓને ર
ર્ચાઇ હોત તો આપણા દેશમાં કુશળ કારીગરોની દેખરેખ નીચે ચાલતાં ઘણા
.... ર્યાં હોત. જો કોંગ્રેસ આખા હિંદની એટલે પ્રત્યેક ગામ શહેર કે જંગલના રહીશો બધાંનીજ હોત તો બત્રીસ કરોડની વસ્તિમાં માથા દીઠ ૩ પાઇની મદદ મેળવતાં સાડા ત્રણ લાખની મદદ કોંગ્રેસ પ્રતિ વર્ષ મેળવી શકત પણ આતો આપણી પરિષદની બેઠકની કિંમત મુજબ કિંમત અંકાતી હોવાથી આખા દેશને કાંઇ લાગતું વળગતું નથી. એમ સમજી તેને (નાના ગામડાને કે ગરીબને) વિસારી મૂકવાથી તન ને મનની મદદ ન મળવાથી પછાત વર્ગ કે જેનો સમૂહ કરોડોનો છે એજ સમૂહ અજ્ઞાન રહ્યો માટે જ્ઞાતિબંધુની કિંમત સાથે બેઠકની કિંમત ન અંકાવવી જોઇએ. એમ મારી યાચના છે. ગરીબોની સંખ્યાના પ્રમાણમાં તેની કિંમતી મદદ પૈસાદારની હજારની મદદ બરોબર બલ્કે તેથી પણ વધારેની થાય છે. એ વાત ભૂલવી જોઇતી નથી. દાખલા તરીકે રેલ્વેમાં મુસાફરી કરતા ફર્સ્ટકલાસ ને સેકન્ડકલાસના ઉતારૂઓની ટીકીટની જે ઉપજ થાય છે તેના કરતાં ગરીબ વર્ગ તરફની એટલે થર્ડ કલાસ પેસેન્જરની આવક બમણી ત્રમણી થાય છે. માટે ગરીબોને સહાયક થઈ કામ લઇશું તોજ આપણે હરેક કાર્યમાં ફતેહમંદ થઈશું.

હું જે કાંઇ કહું છું તેનો અમલ કરવાનું કહેતો નથી, પણ વિચાર કરવા માટે સૂચનારૂપે કહું છું. આ સેવક ખર્ચાળ પદ્ધતિને ને ભિન્નભેદને પસંદ કરતો નથી. માત્ર સલાહ-સંપ ને એક દીલને ચાહે છે, માટેજ ભારરૂપે આટલી અવગણના કરે છે, પણ દોષરૂપે દાખવતો નથી. પ્રત્યેક સ્થળે ગરીબ ને તવંગર બન્નેમાં સમાનતા થશે (તવંગર પૈસામાં ફુલાઇ જતો નહિ જણાશે) ત્યારે ગરીબો સમજશે કે ચડતી પડતીનો પહોરો છે ને તે પહોરો બદલાયા કરે છે, એમ શ્રીમંતો હવે સમજવા લાગ્યા છે તોજ આપણું દરેક કાર્ય સરળતા ભરેલું થઇ પડશે એ નિર્વિવાદ છે.

છેલ્લા બે બોલ.

હાલના સુધરેલા જમાનામાં વિદ્વાનો કોઈ પણ જાતની દીર્ઘદૃષ્ટી વાપર્યા વગર મોઢે
કંઇ ને કરે છે કંઇ. ભ્રાતૃભાવ રાખવા કહે છે પણ ભાઈ તરીકે અમલમાં મૂકતી
મેળતા દર્શાવે છે. ઉત્તેજન આપવું જોઇએ એમ કહેવા તૈયાર છે, પણ ઉત્તેજન
ા વખત આવે ત્યારે ગાભા જઇ બેસે છે. કેળવણીને ઉત્તેજન આપવું આપણી
પણ કેળવાયલા પ્રત્યે સમદૃષ્ટી બતાવવાને બદલે ઈર્ષા રાખે એ કેવું? ગુજરાતી
ાનિલાઇઓના મંડળમાં બેસવું અને ત્યાં અંગ્રેજી બોલવું એ પણ કેવું? કોઇ પણ

,, ચોપાનીયું કે હેન્ડબીલ વાંચ્યા વગર તેનાપર તિરસ્કાર બતાવવો
ું નહિ ને પરિષદમાં શું શું થયું એ જાણવાની ઇચ્છા રાખવી ?
મે કેવું ? જ્ઞાતિ હિત તરફ લાગણી બતાવવી નહિ વે જ્ઞાતિબંધુ માર
સત્કાર ન કરવો તો પછી પરિષદના પ્રમુખ થવાની જીજ્ઞાસા રાખવી
ડ દુઃખે દુઃખી ન થવું ને પરદુઃખભંજનમાં નામ ખપાવવું એ પણ
..વદમાં આગળ પડતો ભાગ ન લેવો ને જે ભાગ લે તેની નીંદા કરવી .
કેવું ? ધોતીઆદાસોની મિટિંગમાં જવું અને ત્યાં વળી પાટલુન પહેરવાં એ પણ કેવું ?
વરા તરફ તિંરસ્કાર બતાવવો અને ન્યાતિવરામાં જમવા જવું એ પણ કેવું ? મંદીરમાં જ ુ
અને બુટ મોજાં ન ઉતારવા એ પણ કેવું ? ગરીબને વગોવવા ને કન્યા લેતી વખતે તેની પસંદગી કરવી એ પણ કેવું ? ઘરમાં સંપ ન રાખવો ને ન્યાતિમાં સંપ રાખવા કહેવું એ પણ કેવું ? મોટા થઇ મોટું પેટ ન રાખવું અને મોટામાં ગણાવું એ પણ કેવું ? ઘરમાં કાબુ ન હોય પણ ગામનો કાબુ મેળવવો એ પણ કેવું ? પોતે કુલક્ષણા હોય અને બીજાને સુલક્ષણા થવાનો ઉપદેશ આપવો એ પણ કેવું ? પુનર્લગ્નની પ્રશંસા કરવી ને ઘરની વિધવાને સબડવા દેવી એ પણ કેવું ? બાળલગ્નને વગોવવાં અને બાળસંસારને ન વગોવવો એ પણ કેવું ? પુત્રપ્રાપ્તિ માટે એક પર બીજી લાવી શોકનું સાલ કરવું એ પણ કેવું ? સ્ત્રીઓને જમાનાની છુટ આપવી અને તેનાપર ઘાતકીપણે વર્તવું એ પણ કેવું ? પુત્રને પુંજી સોંપી પાછળથી ઓશિઆળા થવું એ પણ કેવું ? છોકરાને ભણાવવો નહિ અને વધારે પગાર લાવતો થાય એમ ઇચ્છવું એ પણ કેવું ? ભણવું તે નોકરીને માટેજ છે એમ સમજી હલકા પગારે નોકરી કરવી અને ઘરડાંનો વેપાર તજવો એ પણ કેવું ? ગ્યાસલેટના દીવાથી વાંચવું અને ચસ્માનાજ લેવાં એ પણ કેવું ? છોકરાને પુરે ખવાડવા પણ ન મળે ને ભણ ભણ કર્યાં કરવું એ પણ કેવું ? છોકરો રોગિષ્ઠ હોય તે તેને પરણાવવા યત્ન કરવો એ પણ કેવું ? કન્યાવિક્રય ખોટો છે એમ સમજી કન્યા લેવા નાણાં આપવા એ પણ કેવું ? માટે કહેણી તેવી રહેણી રાખી ભાવિ પ્રજાના આદર્શરૂપ થવું એજ અત્યુત્તમ છે.

અપાટીવાચકલા–સુરત.	}	લી.
ચૈત્ર શુદ પડવો.		ડાહ્યાભાઇ નવલરામ શાહ,

કિરતારની કૃપા.

હતી પહેલાં પુંજી થોડી, ઉંધા-ચત્તાં કરી જોડી.
દીધી ના દાનમાં કોડી, કૃપા કિરતારની કયાંથી ?
ઘડાવ્યા ઘાટ રૂપાળા, ત્રીજોરીએ દીધાં તાળાં.
મૂકયા ત્યાં ચોકીઓવાળા, કૃપા કિરતારની કયાંથી ?
બગીચા—બંગલા બાંધી, પ્રીતિ મોટર મહિં સાંધી.
ભૂલ્યો ફેશનની આંધી, કૃપા કિરતારની કયાંથી ?
ઉનડને કામની વ્હાલી, સુઝો સંસારનાં ભાળી.

મહોન્મત્ત તું બેસે ખાલી, કૃપા કિરતારની ક્યાંથી ?
ફૂલેલો–તેલ બહુ ચોળી, કથીર કાયા બહુ રોળી.
દીલેથી ના ખસી હોળી, કૃપા કિરતારની કયાંથી ?
જરીનાં વસ્ત્ર પટકાવી, દીધું શું પાપ છૂપાવી.
મૂકી પરમાર્થની ચાવી, કૃપા કિરતારની કયાંથી ?
ઘણાં મિષ્ટાન્ન આરોગી, હવે તો તું થયો રોગી.
દીધી ગાળો ઘણી ચોગી, કૃપા કિરતારની કયાંથી ?
દવા—દારૂ ઘણાં પીધાં, પડીકા વૈદના લીધાં.
વૃતો—ઉપવાસ ના કીધાં, કૃપા કિરતારની ક્યાંથી ?
ભલે પાતાળમાં પેસો, કદિ હિમાલયે બેસો.
મરણ આવ્યું નહિં રહેશો, કૃપા કિરતારની કયાંથી ?
ન શોચો હવે શાણા, લઈ લો ભક્તિના નાણાં.
જીવન પરમાર્થ મંત્રોથી, કૃપા કિરતારની આથી.

પ્રીતમ.

સંસારમાં સાર.

(મંદાક્રાન્તા.)

૧

કાલે જેને અધમ ગણતા, આજ મ્હોટા થયા તે.
મ્હોટા જેઓ ચમન કરતા, આજ તે કયાં સડે છે.
ના! ના! ભોળાં દુઃખથી ડરશો, સુખમાં ના ફસાશો.
સંતે જોયું જીવન સઘળું, સાર સંસારમાં શો ?

૨

લક્ષ્મી લાભો લલિત લલના, શું ઘસ ધાન્યવાળી.
મ્હારૂ–ત્હારૂ કંઇ નથી અહિં, ભોગવે ભાગ્યશાળી.
આવ્યા-જાતાં ટકી ન શકતા, જીવ નિર્જીવ કે કો ?
સંતે જોયું જીવન સઘળું, સાર સંસારમાં શો ?

૩

હા ? હા ! આવે ગિરિશિખરથી, કિરણો સૂર્યનાં શે ?
વાયુ મીઠો સુજળ નદીઓ, વૃક્ષ કષ્ટો સહે શે ?
પુષ્પો ખીલે ફળ દઇ સહે, વૃષ્ટિનાં ઝાપટાંઓ ?
સંતે જોયું જીવન સઘળું, સાર સંસારમાં શો ?

૪

આભે લેખો લખિત પ્રભુના, વીરલા વાંચી જાણે.
એ મંત્રોથી અધિક નહિ કંઇ, વેદ—શાસ્ત્રો—પુરાણે.

શીખો પ્રેમે ગહન લિપિનો, પાઠ
સંતે જોયું જીવન સઘળું, સાર સંસારમા

સ્વયંસેવકોને

વહેલા વીર થાઓ તૈયાર, મદદ માટે બહાર પડોરે,
પડે દુઃખના બહુ પોકાર, ,, ,, ,,
ગયા સુખસમય તે આજ, ,, ,, ,,
તજો કૂળ-મર્યાદાની લાજ, ,, ,, ,,
નીજ સ્વાર્થની નથી આ ભીખ ,, ,, ,,
ઘણી ઠોકર ખાતાં મળી શીખ ,, ,, ,,
ધરો ઝોળી સત્વરે હાથ, ,, ,, ,,
ભૂલી ઝેર કરો જુથ સાથ, ,, ,, ,,
છે જીવન અમૂલું લ્હાણુ, ,, ,, ,,
જેથી સુખનો પ્રગટે ભાણુ, ,, ,, ,,

પ્રીતમ.



સેવા

મ્હોટા તજી મ્હોટાઈ ઉમંગે, ગરીબ હિતમાં ભળશે,
હૃદય પ્રેમથી મસ્ત થઇ, પરમાર્થ પંથ પરવરશે.
સેવા પૂરી ત્યાં થા

સુખ દુઃખમાં સમ ભાગી થઇ, અન્ય ન અંતર ગશેણુ,
મારા જેવા સૌના સેવા, દુઃખી દેખી દીલ ડરશે.
સેવા પૂરી ત્યાં થા

અન્ન ભૂખ્યા વસ્ત્રોથી રહિત કે, અભણ બંધુઓ જોશે,
સહાય કરી-કરવા પ્રેરાવી, નીજ અંતરમાં રોશે.
સેવા પૂરી ત્યાં થા

નિંદે કદિ કો કૂળ અભિમાને, કે અંતરમાં બળશે
સેવાના સમજાવો મંત્રો, રોપેલું કદિ ફળશે
સેવા પૂરી

નર-નારીનાં જોડાં એવાં, આ ભૂમિ અવતરશે.
સ્વર્ગ સમી સૃષ્ટિમાં શોભા, આશિષ સત્વર ફળશે.
સેવા પૂરી

પ્રાં

